| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010020482026 | | રજુ તારીખ | ૨/૦૬/૨૦૨૬ | | |
| | | નોંધ્યા તારીખ | ૨/૦૬/૨૦૨૬ | | |
| | | ફેંસલ તારીખ | **૧૨/૦૬/૨૦૨૬** | | |
| | | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૧૦ |

**બનાસકાંઠા જિલ્લાના મહે. ત્રીજા એડી. સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજ નંબર : ૬૫૦/૨૦૨૬**

**આંક–**

| | | |
|---|---|---|
| **અરજદાર** | (૧) | **નાનાભાઈ ધરમાભાઈ પરમાર,**<br>ઉ.વ.૩૮, ધંધો–ખેતી, |
| | (૨) | **હિરાલાલ ધરમાભાઈ પરમાર,**<br>ઉ.વ.૨૪, ધંધો–ખેતી,<br>બંને રહે. બેડી, (જાડી માંકણી ફળો)<br>તા. પોશીના, જી. સાબરકાંઠા. |
| | | **વિ રૂ ધ્ધ** |
| **સામવાળા** | : | **શ્રી સરકાર** |

| | |
|---|---|
| **તહોમત :–** | દાંતા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૫૨૫૦૩૭૯/૨૦૨૬, ધી પ્રોહી.એકટની કલમ– ૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબ. |
| **અરજ :–** | બી.એન.એસ.એસ.– ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા બાબત. |

અરજદારો તરફે વિ. વકીલ શ્રી બી.જે.દિયોલ
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી આર.પી.વૈષ્ણવ

## -// ઠરાવ //-

(૧) આ કામના અરજદાર/આરોપીઓ દાંતા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૫૨૫૦૩૭૯/૨૦૨૬, ધી પ્રોહી.એકટની કલમ- ૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ, રેગ્યુલર જામીન ઉપર મુકત થવા બી.એન.એસ.એસ.ની કલમ- ૪૮૩ અન્વયે હાલની આ જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) સામાવાળાને નોટીસ બજતાં સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી આર.પી.વૈષ્ણવ હાજર થયેલ છે અને આંક-૬ થી તપાસનીસ અધિકારીશ્રીનું સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદારો તરફે વિ. વકીલ શ્રી બી.જે.દિયોલે રજુઆત કરતાં જણાવેલ છે કે, અરજદારો તદ્દન નિર્દોષ છે. કહેવાતા ગુના વિશે કંઇ જાણતા નથી. અરજદારોની ખોટી રીતે ગુનામાં સંડોવણી કરવામાં આવેલ છે. ફરીયાદ જોતાં, અરજદાર/આરોપીઓના નામ જોગ નથી. અરજદારોને શકના આધારે સંડોવવામાં આવેલ છે. અરજદારોના પ્રત્યક્ષ કબજામાંથી કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી. આમ, ગુનામાં અરજદારોની કોઇ પ્રત્યક્ષ કે પરોક્ષ ભૂમિકા નથી. અરજદારો સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે ત્યારે નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. અરજદારો પર તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે જેથી લાંબો સમય જેલમાં રહેવુ પડે તો તેમના કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. અરજદારો ના. કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તેમજ શરતોનું પાલન કરવા ખુશી હોય, અરજદારોને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી આર.પી.વૈષ્ણવે સદરહું જામીન અરજીનો વિરોધ કરી આંક–૬ થી રજુ થયેલ ત.ક.અધિકારીના સોગંદનામાં ઉપર આધાર રાખી રજુઆત કરેલ છે કે, હાલના અરજદાર/આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પ્રતિબંધીત ગુજરાત રાજયમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુ ધુસાડવાનું ષડયંત્ર રચી બનાવના દિવસે ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા બિયર કિંમત રુા. ૨,૫૯,૬૨૦/– નો ધુસાડેલ હોવાનો ગંભીર પ્રકારનો આક્ષેપ છે. અરજદારો વિરુધ્ધ આ પ્રકારના અન્ય ગુનાઓ નોંધાયેલ છે. જેથી આરોપીઓની જામીન અરજી મંજુર કરવામાં આવશે તો, ફરીથી ગુનાનું પુનરાવર્તન કરવાની પુરેપુરી શકયતા હોય, આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) પક્ષકારોના વિ.વ.શ્રીઓની રજુઆતો ધ્યાને લીધી તેમજ ત.ક.અ.શ્રીનું સોગંદનામું તથા તપાસના પેપર્સ વંચાણે લીધા. આ કામે સમગ્ર પોલીસ તપાસના પેપર્સ ધ્યાને લેવામાં આવે તો, અરજદાર/આરોપીઓ વિરુધ્ધ ધી પ્રોહી.એકટની કલમ–૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાનો આક્ષેપ છે. ગુનાના કામે રુા. ૨,૫૯,૬૨૦/– નો પ્રોહી. મુદામાલ રીકવર થયેલ છે. ફરીયાદ જોતાં અરજદાર/આરોપીઓના નામજોગ નથી. અરજદાર/આરોપીઓ સ્થળ ઉપરથી મળી આવેલ નથી. અરજદારો હાલ જયુડી.કસ્ટડીમાં છે. અરજદારો વિરુધ્ધ મહદઅંશે તપાસ પુર્ણ થયેલ છે. ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે. તે સંજોગોમાં અરજદાર/આરોપીઓને ટ્રાયલ ચાલતા સમય સુધી જેલમાં રાખવામાં આવે તો, પ્રિ–ટ્રાયલ કન્વીકશન થયાનું નકારી શકાય તેમ નથી. અરજદારો પર તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે જેથી તેઓને લાંબો સમય જેલમાં રાખવામાં આવે તો તેમના કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે.

અરજદારો નોંધાયેલ સરનામાના રહેવાસી છે અને સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે ત્યારે કયાંય નાસી ભાગી જવાની શકયતા જણાતી નથી. અરજદારો વિરુધ્ધ આ પ્રકારના અન્ય ગુના નોંધાયેલ હોવા અંગે ત.ક.અ.શ્રીના સોગંદનામામાં ઉલ્લેખ છે પરંતુ તે ગુનાના કામે અરજદારોને તકસીરવાન ઠરાવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. તેમજ ''**જામીન એ નિયમ અને જેલ એ અપવાદ છે** '' તે સિધ્ધાંત સાથે વ્યકિત સ્વતંત્રતાનો સિધ્ધાંત તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના **<u>સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ. ૨૦૧૨(૧), એસ.સી.સી. ૪૦</u>** ના ચુકાદામાં પ્રતિતાદિત કરેલ સિધ્ધાંત જોતાં, અરજદારોને ગુન્હાના કામે જામીન મુકત કરવા યોગ્ય અને ન્યાયોચિત જણાય છે. જે તમામ હકીકત ધ્યાને લેતાં, અરજદારોની તરફેણમાં ન્યાયિક વિવેક બુધ્ધીની સત્તાનો ઉપયોગ કરી અરજદારોને યોગ્ય શરતોને આધીન  જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુ ક મ</u> ::-**

**૧.** અરજદારોની જામીન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી નં. (૧) નાનાભાઇ ધરમાભાઇ પરમાર, નં. (૨) હિરાલાલ ધરમાભાઇ પરમાર, બંને રહે. બેડી (જાડી માંકણી ફળો), તા. પોશીના, જી. સાબરકાંઠાનાઓને દાંતા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૫૨૫૦૩૭૯/૨૦૨૬, ધી પ્રોહી.એકટની કલમ- ૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાના કામે અરજદારોએ રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક  લાખ પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી, નીચેની શરતોને આધીન  જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો</u> :-

૧. અરજદાર/આરોપીઓએ દર મહીનાની ૧લી અને ૧૫ મી તારીખે સવારે ૯-૦૦ થી બપોરના ૧૩-૦૦ દરમ્યાન કંન્શર્ન પોલીસ સ્ટેશનમાં પોતાની હાજરી એક વર્ષ સુધી પુરાવવી.

૨. અરજદાર/આરોપીઓએ ફરિયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપવી નહીં, સાક્ષીઓને ફોડવાના પ્રયત્નો કરવા નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

૩. અરજદાર/આરોપીઓએ કેસનો આખરી નિકાલ થતાં સુધી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત ધરાવતી અદાલતની પુર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

૪. અરજદાર/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન રજુ કરતી વખતે પાસપોર્ટ રજુ કરવા, અથવા જામીન ઉપર મુકત થયા બાદ દિન-સાત માં પાસપોર્ટ જમા કરાવવો અને પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું કરવું.

૫. અરજદાર/આરોપીઓએ જામીન રજુ કરતી વખતે અથવા જામીન ઉપર મુકત થયા બાદ દિન-સાતમાં પાસપોર્ટ સાઈઝના પોતાના બે ફોટા રજુ કરવા તેમજ અરજદાર/આરોપીઓના જામીનદારે પણ પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા જામીનની સધ્ધરતાનો આધાર જામીન આપતી વખતે રજુ કરવા.

૬. અરજદાર/આરોપીઓએ કોઈ ગુન્હાહિત પ્રવૃત્તિમાં સંડોવાવું નહી કે ગુન્હાનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

૭. અરજદાર/આરોપીઓને આ કામના ત.ક.અધિકારીશ્રી તપાસના કામે જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર રહેવું અને પોલીસ તપાસમાં સંપૂર્ણ સાથ-સહકાર આપવો.

૮. અરજદાર/આરોપીઓએ કેસની ટ્રાયલ દરમ્યાન અદાલત સમક્ષ નિયમિત રીતે હાજર રહેવું.

૯. ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો, અરજદાર/ આરોપીઓની જામીન મુકિતનો હુકમ રદ થવાને પાત્ર ઠરશે.

- અરજદાર/આરોપીઓએ જામીન સબંધીત વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજુ કરવા.

**ત્રીજા એડી.સેશન્સ જજ, પાલનપુર.**

– હુકમ લગત વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટને તથા પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

હુકમ આજ તા. **૧૨ મી** માહે **જુન,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર
તારીખ : ૧૨/૦૬/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

**//djjoshi//**